# CIMS News
# Care & Cure

Volume-4 | Issue-40 | November 25, 2013

Price : ₹ 5/-

CIMS®
Care Institute of Medical Sciences

## અંદરના પાને...

- પશ્ચિમ ભારતની પ્રથમ અત્યાધુનિક - 'રેડિયલ એન્જિયોગ્રાફી લોન્જ'
- પેશાબની થેલીમાં થતી ગાંઠ (ફિયોક્રોમોસાયટોમાં)
- ફેફસાંની ક્ષમતા જાણો... પલ્મોનરી ફંક્શન ટેસ્ટ (PFT) થી



CIMS News
Care & Cure
Volume-4 | Issue-40 | November 25, 2013



# પશ્ચિમ ભારતની પ્રથમ અત્યાધુનિક – 'રેડિયલ એન્જિયોગ્રાફી લોન્જ'



સીમ્સ હોસ્પિટલના એર કન્ડિશન્ડ લોન્જમાં રેડિયલ એન્જિયોગ્રાફીના દર્દીઓ માટે સુવિધાજનક ૧૩ રિકલાઈનર ચેર અને એ સિવાય સોફાસેટ્સ, વિશાળ ટીવી, વાઈફાઈ ઝોન અને કેફેટેરિયા સહિત અનેક સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે.

સામાન્ય રીતે હોસ્પિટલમાં પગ મૂકતાં દવાઓની વાસ આવે અને વેરવિખેર ઈકિવપમેન્ટ્સ તેમજ અસુવિધાનો સામનો કરતા દર્દીઓ અને તેમના પરિવારજનો જોવા મળે. નિદાન માટે હોસ્પિટલમાં આવનારી દરેક વ્યકિત બીમાર હોય એ જરૂરી નથી. આ વાતને ધ્યાનમાં રાખીને છેલ્લા ૧૫ વર્ષથી મેડિકલ ક્ષેત્રમાં એક ટ્રેન્ડ શરૂ થયો. જેમાં નિદાન માટે હોસ્પિટલમાં આવનારી વ્યકિતની અનૂકૂળતાને ધ્યાનમાં રાખી આધુનિક સુવિધાઓ પૂરી પડાય છે. આ ટ્રેન્ડને અપનાવતી સીમ્સ હોસ્પિટલમાં રેડિયલ લોન્જની સુવિધા પૂરી પડાઈ રહી છે.

હૃદયને સબંધિત બીમારીઓના નિદાન માટે એન્જિયોગ્રાફી કરાય છે. જેમાં રેડિયલ એન્જિયોગ્રાફીની પધ્ધતિ દર્દીઓ માટે સૌથી અનુકૂળ છે. સીમ્સમાં રેડિયલ એન્જિયોગ્રાફી માટે આવતા દર્દીઓ તથા તેમના પરિવાર માટે 'રેડિયલ લોન્જ' ની અત્યાધુનિક સુવિધા શરૂ કરાઈ છે. કાફે કે એરપોર્ટ લોન્જ જેવું વાતાવરણ સર્જવા પાછળનો હેતું એ જ છે કે એન્જિયોગ્રાફીની પ્રક્રિયાને લઈને વ્યકિત અસ્વસ્થતા ન અનુભવે.

રેડિયલ એન્જિયોગ્રાફીની જરૂર હોય એવા દર્દીઓને રેડિયલ લોન્જમાં રખાય છે. જેમાં દર્દીઓ માટે સુવિધાજનક ૧૩ રિકલાઈનર ચેર અને ૮ ઈમરજન્સી બેડ છે. એન્જિયોગ્રાફી પછી બે થી ત્રણ કલાકમાં રજા અપાય છે. 'રેડિયલ લોન્જમાં' દર્દીઓ મેગેઝીન વાંચી શકે છે, ટીવી જોઈ શકે, સંગીત સાંભળી શકે છે. કે, પછી વાઈફાઈ ઝોનમાં લેપટોપ પર કામ કરી શકે છે. સુવિધાજનક રિકલાઈનર ચેરમાં રાહત માણતા તેઓ પોષ્ટિક નાસ્તો અને ભોજન મેળવી શકે છે.

સાથોસાથ વ્યકિતને તંદુરસ્તી માટે રહેણીકરણીમાં કેવા સુધારા કરવા જોઈએ એનું માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવે છે. એન્જિયોગ્રાફી માટે આવેલી વ્યકિતએ એક જ જગ્યાએ બેસી રહેવાની જરૂર નથી. તે આરામથી લટાર મારી શકે છે અને ઈચ્છે તો સોફા પર આરામ કરી શકે છે.

હરિયાળા વાતાવરણમાં વ્યકિત વધુ રાહત અનુભવે છે. આ વાતને ધ્યાનમાં રાખીને રેડિયલ લોન્જની અંદર હરિયાળું વાતાવરણ સર્જાયું છે. દર્દી અને તેના પરિવારજનો રેડિયલ લોન્જમાં આવ્યા હોય ત્યારે જાણે કોઈ હોસ્પિટલના બદલે પોતે કાફે કે એરપોર્ટના બિઝનેસ કલાસના લોન્જમાં આવ્યા હોય એવો સુખદ અનુભવ કરે છે, મેનેજમેન્ટ એડ્મિશન અને ડિસ્ચાર્જની પ્રક્રિયા સરળતાથી અને ઝડપથી કરી શકે છે, જેથી દર્દીનો સમય બચી જાય છે.

**સૌજન્ય**



**ડૉ. મિલન ચગ**
MD, DM (Cardiology)
DNB (Cardiology)
ઇન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ
મોબાઈલ : +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
ઇમેલ : milan.chag@cims.me

CIMS® Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-4 | Issue-40 | November 25, 2013


CIMS


# સીમ્સ કાર્ડિયાક સર્જરી


## ૧૨૦૦૦ થી વધારે ઓપન હાર્ટની સર્જરી અને દર વર્ષે ૧૦૦૦ થી વધારે કેસ કરતી અગ્રેસર સર્જીકલ ટીમ



- ધબકતા હૃદયે બાયપાસ (ઓફ પંપ સીએબીજી)
- ટોટલ ધમનીનું બાયપાસ
- નબળા હૃદયની સર્જરી
- મીનીમલી ઇન્વેસીવ કાર્ડિયાક સર્જરી (મીક્સ)
- માઇટ્રલ વાલ્વ રીપેર
- સિંગલ, ડબલ અને મલ્ટીપલ વાલ્વ રીપ્લેસમેન્ટ/રીપેર
- મહાધમનીની સર્જરી
- જન્મજાત બાળકના હૃદયની સર્જરી
- કમ્બાઇન્ડ કેરોટીડ અને બાયપાસ પ્રોસિજર
- ટેકનીકલી અત્યાધુનિક ઓપરેશન થિયેટર અને આઇસીયુ સાથે સંપૂર્ણ ટીમ વર્ક




### કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન



ડૉ. ધીરેન શાહ
+૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩



ડૉ. ધવલ નાયક
+૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩



ડૉ. સૌરભ જયસ્વાલ
+૯૧-૭૩૫૪૮ ૯૧૦૪૪

### કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ



ડૉ. નિરેન ભાવસાર
+૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭



ડૉ. હિરેન ધોળકિયા
+૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮



ડૉ. ચિંતન શેઠ
+૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪

## પશ્ચિમ ભારતની પ્રથમ હોસ્પિટલ જેને મીક્સ સર્જરીની શરૂઆત કરી


CIMS News
Care & Cure
Volume-4 | Issue-40 | November 25, 2013

CIMS®
Care Institute of Medical Sciences

## પેશાબની થેલીમાં થતી ગાંઠ (ફિયોક્રોમોસાયટોમાં)

૩૨ વર્ષીય મહિલા દર્દી પેશાબમાં લોહી વહી જવાની ફરિયાદ સાથે અમારી સમક્ષ આવી હતી. તે મહિલાનો લોહીનો રીપોર્ટ સામાન્ય હતો. USG/KUB (સોનોગ્રાફી) કરવામાં આવતા જણાયું કે મુત્રાશયમાં આશરે ૪ × ૩ × ૩ cm ની ગાંઠ છે. તેમનું દુરબીન દ્વારા (TURBT) ઓપરેશન કરવામાં આવ્યુ. સર્જરી દરમિયાન તે મહિલાનું બ્લડ પ્રેશર અતિશય વધી ગયુ હતું (૧૮૦/૧૧૦) આથી ફક્ત બાયોપ્સી કરવામાં આવી અને પ્રક્રિયા રોકી દેવાઈ. તેમના બાયોપ્સી રીપોર્ટમાં ફિયોક્રોમોસાયટોમાં જણાયું (જે ભાગ્યે જ જોવા મળતી મુત્રાશયની ગાંઠ છે). ૧૦ દિવસ પછી અશંત: મુત્રાશયની થેલી દુર કરવાનું ઓપરેશન કરવામાં આવ્યુ. ઓપરેશન પછીની રીકવરી નોર્મલ રહી હતી તેમજ બ્લડ પ્રેશર પણ નોર્મલ છે.

ફિયોક્રોમોસાયટોમાં, એ ભાગ્યે જ જોવા મળતી ગાંઠ છે, જે એડ્રીનલ (કીડનીની ઉપર આવેલ નાની ગ્રંથિ) નામની ગ્રંથિઓમાં સર્જાય છે. જે ૧૦ ટકા કેસમાં એડ્રીનલ સિવાય જોવા મળે છે. તેમજ મુત્રાશયની થેલીમાં તો ફક્ત ૧ ટકા જેવા કેસમાં જોવા મળતી હોય છે. ફિયોક્રોમોસાયટોમાંના કેટિકોલેમાઇન નામના અંતસ્ત્રાવનું વધારે પડતો સ્ત્રાવ થવાથી લોહીનું દબાણ વધી જતું હોય છે. જે પેરેગેન્ગલીઓમાં તરીકે પણ ઓળખાય છે.





માથાનો દુ:ખાવો, એકાએક પરસેવો છુટવાની ઘટના અને અસામાન્ય હ્રદયના ધબકારા એ ફિયોક્રોમોસાયટોમાં હોવાની નિશાનીઓ છે, જે અમારા કિસ્સામાં જણાયેલ ન હતી. પેશાબ દરમિયાન કે એ પછી તરત જ જણાતી નબળાઇ અથવા ચક્કર આવવા એ પેશાબની થેલીના ફિયોક્રોમોસાયટોમાંનું મુખ્ય લક્ષણ છે. મુત્રાશયની થેલીમાં થતી ગાંઠોમાં ફિયોક્રોમોસાયટોમાંનો ભાગ લગભગ દર ૨૫૦૦ એ ૧ ગાંઠમાં રહેલ છે જે ખુબ જ નહિવત્ ગણાય છે. સમયસર નિદાન અને સારવારથી દર્દી સંપુર્ણ સાજો થઇ જાય છે તેમજ બ્લડપ્રેશરની પણ દવા લેવાની જરૂર રહેતી નથી.

**સૌજન્ય**



**ડૉ. હિમાંશુ શાહ**
MS, MCh (Urology)
મોબાઈલ : +૯૧-૯૮૨૫૦૨૦૭૧૪



**ડૉ. શરદ ડોડિયા**
MS, DNB (Urology)
મોબાઈલ : +૯૧-૯૮૨૫૭૫૩૫૪૫

## Celebrating Children's Day at CIMS Hospital on November 14, 2013








Volume-4 | Issue-40 | November 25, 2013

# ફેફસાંની ક્ષમતા જાણો... પલ્મોનરી ફંકશન ટેસ્ટ (PFT) થી

આપણાં શરીરમાં પંચેન્દ્રીયો ઉપરાંત ફક્ત ફેફસાં જ એવા અવયવ છે કે જે વાતાવરણના સીધા જ સંપર્કમાં આવે છે. તેને પરિણામે વાતાવરણની અસર સીધી જ આ અવયવ પર થતી હોય છે. તદ્ઉપરાંત કેટલાંક એલર્જીક દ્રવ્યો જેવા કે ધૂળ, ધૂમાડા, પરાગરજ, પક્ષી-પ્રાણીની રૂવાટી અને સીગારેટના ધૂમાડાથી આપણાં ફેફસાં અને શ્વાસનળીઓ ખરાબ થતી હોય છે. તેને પરિણામે અસ્થમા, સી.ઓ.પી.ડી અને ફેફસાંના ફાઈબ્રોસીસ જેવા રોગો જન્મ લેતા હોય છે.

જ્યારે કોઈ વ્યકિતને ચાલતી વખતે કે બેઠા-બેઠા શ્વાસની તકલીફ જણાય ત્યારે સામાન્ય રીતે આ તકલીફે હૃદય ના કોઈ રોગ કે ફેફસાંની બિમારીનું દિશાસૂચન કરે છે.



હૃદય ની બિમારીઓનું નિદાન ઈ.સી.જી, ઈકોકાર્ડિયોગ્રાફી કે કોરોનરી એન્જીયોગ્રાફીની મદદથી થઈ શકે છે. જ્યારે ફેફસાંની બિમારીઓનું નિદાન છાતીના એક્સ-રે અને પલ્મોનરી ફંકશન ટેસ્ટથી કરવામાં આવે છે. જેવી રીતે તાવ માપવા માટે થર્મોમીટર છે, વાતાવરણનું પ્રેસર જાણવા બેરોમીટર છે, તેવી જ રીતે ફેફસાંની ક્ષમતા માપવા માટેનું સાધન અને ટેસ્ટનું નામ પલ્મોનરી ફંકશન ટેસ્ટ (PFT) છે.

આમ, તો પલ્મોનરી ફેકશન ટેસ્ટ (PFT) માં જે સૌથી સરળ ટેસ્ટ છે તે સ્પાઈરોમેટ્રીનો છે. તેમાં ફેફસાંની ક્ષમતા એક સરળ સાધનની મદદથી માપવામાં આવે છે. ટેસ્ટ કરતી વખતે વ્યકિતએ સહજતાથી બેસીને જે પ્રમાણેની સૂચના અપાય તે પ્રમાણે શ્વાસ લેવા-મૂકવાની ક્રિયા કરવાની હોય છે, ટેસ્ટ માટે એક કાગળનું ભૂગળુ મોઢામાં મૂકવામાં આવે છે અને તેમાંથી જ શ્વાસ લેવા-મૂકવાના હોય છે, શરૂઆતમાં ભૂંગળામાંથી સામાન્ય શ્વાસ લેવાના હોય છે પછીથી ઊંડા શ્વાસ લઈને જોરથી ફૂંક મારવાની હોય છે. જે તુરત




એન્ટિ ઓબેસીટી દિવસ નિમિત્તે
સીમ્સ હોસ્પિટલ દ્વારા આયોજિત

CIMS

વિશેષ ઓબેસીટી કેમ્પ
ડિસેમ્બર ૩૧, ૨૦૧૩ સુધી

નિ:શુલ્ક કન્સલટેશન

ઓબેસીટી સર્જરી
ફક્ત ₹ ૧.૮૫ લાખમાં*
જનરલ ક્લાસ માટે
*શરતો લાગુ

ડૉ. દિગ્વિજયસિંહ બેદી
MS, FRCS, FRACS
(મો) +૯૧-૯૮૨૪૦ ૧૨૫૮૨

ડૉ. ચિરાગ ઠક્કર
MS, MRCS Ed
(મો)+૯૧-૮૪૬૯૩ ૨૭૬૩૪

ડૉ. જયંત કે. ઝાલા
MS, FMAS, DLS,
Fellowship-Hepatobiliary & Liver Transplantation
(મો) +૯૧-૯૭૧૨૯ ૯૭૦૯૬

રજીસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો
સોમવાર થી શનિવાર (સવારે ૯ થી સાંજે ૫ કલાક સુધી)

+૯૧-૭૯-૩૦૧૦ ૧૦૦૮
+૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... We Care

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦. ઇમેલ : info@cims.me
www.cims.me

CIMS News
Care & Cure
Volume-4 | Issue-40 | November 25, 2013

CIMS®
Care Institute of Medical Sciences

જ કોમ્પ્યુટરમાં રેકોર્ડ થઈ તેનો રીપોર્ટ બને છે. સામાન્ય રીતે એક ટેસ્ટ દરમિયાન આવી ફૂંક ત્રણ થી પાંચ- છ વખત મરાવવામાં આવે છે. જ્યાં સુધી વ્યકિત સંતોષકારક રીતે આ ટેસ્ટ પરફોર્મ કરી ન શકે ત્યાં સુધી આ ટેસ્ટ કરાવવામાં આવે છે.

આ ટેસ્ટમાં દર્દીની સમજણ અને સહકાર ખૂબ જ જરૂરી છે. કેમ કે જો દર્દી આ ટેસ્ટ યોગ્ય રીતે પરફોર્મ કરી ન શકે તો તેના પરિણામો ડોકટરને ગેરમાર્ગે દોરી શકે છે, એક વખત આ ટેસ્ટ સફળતાપૂર્વક થઈ જાય તે પછી જરૂર જણાયતો દર્દીએ પંપ અથવા નેબ્યુલાઈઝર આપ્યા પછી આ ટેસ્ટ ફરીથી થતો હોય છે. પંપથી દર્દીની ક્ષમતામાં સુધારો થાય છે કે કેમ તે નકકી થતુ હોય છે અને તેના આધારે અસ્થમા કે સી.ઓ.પી.ડી નું નિદાન થતુ હોય છે.

ઘણી વખત ઓપરેશન પહેલાં દર્દીને એનેસ્થેસીયા આપવા માટે ફેફસાંની ફીટનેસ ચકાસણી જરૂર હોય છે. તે માટે પણ PFT કરાવવામાં આવે છે.

PFT ના એડવાન્સ ટેસ્ટ માટે DLCO અને લંગ વોલ્યુમની તપાસ પણ કરવામાં આવે છે. જે ફેફસાંની સંપૂર્ણ કાર્યક્ષમતાનો પરિચય આપે છે.

સીમ્સ હોસ્પિટલમાં PFT માટે અલગ વિભાગ અને સમર્પિત, કુશળ PFT ટેકનિશ્યનની ટીમ કાયમ આ ટેસ્ટ માટે હાજર હોય છે. સીમ્સ હોસ્પિટલમાં આ ટેસ્ટ માટેનું અદ્યતન મશીન ઉપલબ્ધ છે.


**સૌજન્ય**



**ડૉ.નિતેશ શાહ**
MD (Chest)
કન્સલ્ટન્ટ પલ્મોનોલોજીસ્ટ
મોબાઈલ : +૯૧-૯૮૨૫૦ ૨૭૪૮૭
ઇમેલ : nitesh00@rediffmail.com

# એન્ડોવાસ્ક્યુલર પેરીફેરલ વર્કશૉપ

## સીમ્સ અને અગ્રણી આંતરરાષ્ટ્રીય ટીમ દ્વારા




**છેલ્લા કેટલાક વર્ષોથી સીમ્સમાં મોટી સંખ્યામાં કેરોટીડ ઈન્ટરવેન્શન્સ સહિત અનેક એન્ડોવાસ્ક્યુલર કેસ કરવામાં આવ્યા છે.**

**જાન્યુઆરી ૯-૧૦, ૨૦૧૪**

**નીચેના લક્ષણો ધરાવતા દર્દીઓ આ વર્કશોપમાં ભાગ લઇ શકશે**

- મગજનની નસના બ્લોકથી થતી લકવાની અસર
- કીડનીની ધમનીની સાંકડાશથી થતું હાઇ બ્લડપ્રેશર
- હાથ પગમાં અચાનક થતા દુ:ખાવા, ઠંડા પડતા પગ, કાળા પડતા પગ
- પગના ગેંગ્રીન અને અલ્સર
- વેરીકોઝ વેઇન અને વીનસ અલ્સર
- ડાયાલિસીસના ફિસ્યુલા
- ગર્ભાશય.ની ગાંઠો (ફાઇબ્રોઇડસ)નું એમ્બ્રોલાઇઝેશન
- વાસ્ક્યુલર માલફોર્મેશન
- ડાયાબિટીસ, સ્મોકર, કોલેસ્ટેરોલ ધરાવતા દર્દીઓના પગની નસના બ્લોક
- ડીવીટી માટે વીનોપ્લાસ્ટી અને પગના સોજા તથા અલ્સર
- આંતરડાની નસના બ્લોકથી પેટમાં થતા દુ:ખાવો
- મહાધમનીમાં થતું એન્યુરિઝમ
- વીનસ થ્રોમ્બોએમ્બોલિક ડિસીઝ
- થોરાસિક એબ્ડોમિનલ એરોટીક એન્યુરીઝમ
- મેસેન્ટેરીક ડિસીઝ
- ઈન્ફ્રાપોપ્લીટીલ પેરિફેરલ આર્ટીરીયલ ડિસીઝ
- ઈન્ટ્રાક્રેનિયલ આર્ટીરીયલ સ્ટેનોટીક ડિસીઝ
- વર્ટીબ્રલ આર્ટીરીયલ ડિસીઝ

**દર્દીઓને નીચેના માટે નિ:શુલ્ક સેવાઓ પૂરી પાડવામાં આવશે:**

૧. કન્સલ્ટેશન
૨. એબીઆઈ
૩. ડોપ્લર (આર્ટીરીયલ અથવા વેરીકોઝ વેઈન્સ - જો સૂચવવામાં આવે તો)

**સંબંધિત દર્દીઓ માટે દૈનિક તપાસ* ઓક્ટોબર ૧, ૨૦૧૩થી સીમ્સ હોસ્પિટલ ખાતે રાખવામાં આવેલ છે. સમય: બપોરે ૨ થી સાંજે ૬**


***તપાસ માટે એપોઇન્ટમેન્ટ લઇને આવવુ જરૂરી છે. ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૦૮/૩૦૧૦ ૧૨૦૦**

Organized by CIMS® Care Institute of Medical Sciences

**સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.**

CIMS News
Care & Cure
Volume-4 | Issue-40 | November 25, 2013

# સીમ્સ ક્લિનિક, મણીનગર
# કાર્ડિયાક સાયન્સીસ



## ઉપલબ્ધ સુવિધાઓ

**ક્ન્સલટેશન ◆ ઇસીજી ◆ ટીએમટી ◆ ઇકોકાર્ડિયોગ્રાફી**

ક્ન્સલટેશન : કાર્ડિયોલોજી (એન્જિઓગ્રાફી, એન્જિઓપ્લાસ્ટી, ઇલેક્ટ્રોફીઝીયોલોજી સ્ટડી વગેરે) તથા કાર્ડિયાક સર્જરી (બાયપાસ સર્જરી, મિનીમલી ઇન્વેઝીવ કાર્ડિયાક સર્જરી (મીક્સ), વાલ્વ રિપ્લેસમેન્ટ વગેરે) પ્રોસિજર માટે જે સીમ્સ હોસ્પિટલ પર થાય છે.

## વિશેષ કાર્ડિયાક ચેક-અપ પેકેજ

સોમવાર, બુધવાર અને ગુરૂવાર
સમય સવારે ૧૦ થી ૧ કલાક સુધી

| સામાન્ય પેકેજ | | | ડિસ્કાઉન્ટ પેકેજ |
|---|---|---|---|
| ક્ન્સલટેશન | : | ₹ ૬૦૦/- | ક્ન્સલટેશન |
| ઇકો | : | ₹ ૧૫૦૦/- | ઇકો |
| ઇસીજી | : | ₹ ૧૮૦/- | ઇસીજી |
| | | ₹ ૨૨૮૦/- | માત્ર ₹ ૮૦૦/-* |

*૩૧ ડિસેમ્બર, ૨૦૧૩ સુધી જ માન્ય (માત્ર સીમ્સ ક્લીનિક મણિનગર પર)

**એપોઇન્ટમેન્ટ લેવી આવશ્યક છે**
**+૯૧-૭૯-૨૫૪૪૦૩૮૨/૮૩, +૯૧-૯૦૯૯૧૮૨૨૨૨**

**ડૉ. ઉર્મિલ શાહ**
એમ.ડી., ડી.એમ. (કાર્ડિયોલોજી)
ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ
દર ગુરૂવારે
સમય : સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
(મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯


**ડૉ. વિનીત સાંખલા**
એમ.ડી., ડી.એમ. - કાર્ડિયોલોજી (સીએમસી વેલ્લોર)
ફેલો - માયો ક્લિનિક, રોચેસ્ટર, યુએસએ
ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ
દર સોમવારે અને બુધવારે
સમય : સવારે ૯.૩૦ થી ૧૨.૦૦
(મો) +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬

**ડૉ. જિનેશ શાહ**
એમ.ડી. (મેડીસીન), એમએચએ
ક્ન્સલટન્ટ કાર્ડિયાક ફિઝીશીયન
અને ડાયાબિટોલોજીસ્ટ
દર સોમવાર થી શનિવાર સુધી
સમય : સવારે ૧૦.૦૦ થી ૩.૦૦
(મો) +૯૧-૯૮૭૯૫ ૩૧૮૩૨

## સીમ્સ કાર્ડિયાક ટીમ







| કાર્ડિયોલોજીસ્ટ | |
|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. સત્ય ગુપ્તા | +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦ |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ |
| ડૉ. ગુણવંત પટેલ | +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ |
| ડૉ. કેયૂર પરીખ | +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯ |
| ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. ઉર્મિલ શાહ | +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. હેમાંગ બક્ષી | +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. અનિશ ચંદારાણા | +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |
| **કાર્ડિયાક ઇલેક્ટ્રોફિજિયોલોજીસ્ટ** | |
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| **પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ** | |
| ડૉ. કશ્યપ શેઠ | +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ |
| ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |

| કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન | |
|---|---|
| ડૉ. ધીરેન શાહ | +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| ડૉ. સૌરભ જયસ્વાલ | +૯૧-૭૩૫૪૮ ૯૧૦૪૪ |
| **પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન** | |
| ડૉ. શૌનક શાહ | +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨ |
| **વાસ્ક્યુલર અને એન્ડોવાસ્ક્યુલર સર્જન** | |
| ડૉ. સૃજલ શાહ | +૯૧-૯૧૩૭૭ ૮૮૦૮૮ |
| **કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ** | |
| ડૉ. નિરેન ભાવસાર | +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ |
| ડૉ. ચિંતન શેઠ | +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪ |
| **નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ** | |
| ડૉ.અમિત ચિતલીયા | +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

**સીમ્સ ક્લિનિક (મણીનગર) :**
પહેલો માળ, શાંત પ્રભા હાઇટ, વલ્લભ વાડી સામે, ભૈરવનાથ રોડ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૨૫૪૪ ૦૩૮૨-૮૩ (મો) + ૯૧-૯૦૯૯૧ ૮૨૨૨૨

CIMS News
Care & Cure
Volume-4 | Issue-40 | November 25, 2013

CIMS® Care Institute of Medical Sciences

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 30th to 5th of every month under**
**Postal Registration No. GAMC-1813/2011-2013 issued by SSP Ahmedabad valid upto 31st December, 2013**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2012 valid upto 31st December, 2013**

**If undelivered Please Return to**

**CIMS Hospital**

Nr. Shukan Mall, Off Science City Road,

Sola, Ahmedabad-380060.

Phone : +91-79-2771 2771-75 (5 lines)

Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."** Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

CIMS
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ
પ્રિમિયર મલ્ટી–સુપર સ્પેશિયાલીટી ગ્રીન હોસ્પિટલ
આપનો વિશ્વાસ...
...અમારી સારવાર
સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર


તમારી જિંદગી...
અમારું ધ્યેય


તમારો આરામ...
અમારી ખાત્રી


તમારું જીવન...
અમારા હાથોમાં


તમારું હૃદય દુ:ખે...
ત્યારે અમે હાજર છીએ

સીમ્સ આપે...
સંપૂર્ણ કાળજી

Green Hospital
www.cims.me

CIMS® Care Institute of Medical Sciences
At CIMS... we care
NABH NABL

એપોઇન્ટમેન્ટ માટે
+૯૧–૭૯–૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
મોબાઈલ : +૯૧–૯૮૨૫૦ ૬૬૬૬૧
ઇમેલ : opd.rec@cimshospital.org

એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી
+૯૧–૯૮૨૪૪ ૫૦૦૦૦
+૯૧–૯૭૨૩૪ ૫૦૦૦૦
+૯૧–૯૦૯૯૦ ૧૧૨૩૪

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ–૩૮૦૦૬૦.
ફોન : +૯૧–૭૯–૨૭૭૧ ૨૭૭૧–૭૫(૫ નંબર) ફેક્સ: +૯૧–૭૯–૨૭૭૧ ૨૭૭૦ ઇમેલ : info@cims.me

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**